






ગુજરાતમાં આવેલા જળપ્લાવિત વિસ્તારો એટલે યાયાવર પક્ષીઓનું શિયાળુ આશ્રયસ્થાન... દર સુદૂરના બરફ આચ્છાદિત વિસ્તારોમાંથી હજારો કિલોમીટરનું અંતર કાપી ઓક્ટોબર નવેમ્બર માસમાં સમગ્ર ગુજરાતના જળપ્લાવિત વિસ્તારોમાં ફેલાઈ જતા આ યાયાવર પક્ષીઓ ગુજરાતનું આગવુ ઘરેણું છે. હવે ઉનાળો શરૂ થયો છે ત્યારે આ યાયાવર પક્ષીઓ પોતપોતાના વતન પહોંચવાની તૈયારી કરી રહ્યા છે. યાયાવર પક્ષીઓ પોતાના મૂળ નિવાસસ્થાને પરત ફરે તે પહેલા બનાસકાંઠા વનવિભાગ દ્વારા ધરોઈ ડેમ વિસ્તારમાં પક્ષીઓની વિશેષ ગણતરી હાથ ધરી હતી. આ પક્ષીગણતરી કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપરાંત પક્ષીવિદો અને વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર્સ જોડાયા હતા. બે દિવસ સુધી ચાલેલી પક્ષીઓની ગણતરી દરમ્યાન ૧૫૦ થી વધુ પ્રકારના ૨૪ હજારથી વધુ પક્ષીઓ જોવા મળ્યા હતા. નીલશીર જેવો ખૂબ દુર્લભ પક્ષી પણ નજરે ચડ્યો હતો. આ ઉપરાંત લીટલ કોરમોરેટ, ગ્રેટ કોરમોરેટ, ફલેમિંગો, પેઈન્ટેડ સ્ટ્રોક જેવા અનેક યાયાવર અને સ્થાનિક પક્ષીઓ પક્ષીવિદોને જોવા મળ્યા હતા.

# નર્મદા ડેમનું સ્પેશિયલ ટીમ દ્વારા જરૂરી રિપેરિંગ કામ શરૂ કરાયું

**સ્પેશિયલ ટીમ દ્વારા નદીમાં ઊંડે ઉતરીને કામ શરૂ કરાયું : નર્મદા ડેમ ગુજરાતની જીવાદોરી છે, સમયાંતરે ડેમમાં જરુરી મેઈન્ટેનન્સનું કામ હોય તેને હાથ ધરવામાં આવે છે**

નર્મદા, તા.૨૬

ગુજરાતમાં પીવાના તથા ખેતી માટે ઉપયોગી પાણીનો મહત્વનો સ્ત્રોત નર્મદા નદી પર બનેલા સરદાર સરોવર ડેમમાંથી પૂરો પાડવામાં આવતો હોય છે. આવામાં ચોમાસું આવે તે પહેલા ડેમમાં કોઈ જરુરી રિપેરિંગ કામ હોય તો તેના માટે સ્પેશિયલ ટીમ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. જ્યારે ડેમના દરવાજા ખોલીને પાણી છોડવામાં આવતું હોય ત્યારે પાણીની અંદર રહેલી દરવાજા પાસેની દીવાલોને નુકસાન થયું હોય તેનું સમારકામ ટીમ દ્વારા પાણીની અંદર ઉતરીને શરુ કરવામાં આવ્યું છે.

સરદાર સરોવર નર્મદા ડેમ પર ૩૦ રેડિયલ ગેટ લગાવ્યા પછી તેની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર સુધી પહોંચી ગઈ છે. પાછલા વર્ષે પાંચ વખત રાજ્યની જીવાદોરી ગણાતો ડેમ ૧૩૮.૬૮ મીટર સુધી છલોછલ ભરાયો હતો. પાણીનો આટલો વિશાળ જથ્થો એકત્રિત થાય તે પછી પણ સતત આવક ચાલુ હોય ત્યારે ડેમના ગેટ ૫ મીટર સુધી ખોલવાની ફરજ પડતી હોય છે. ૪થી ૫ લાખ ક્યુસેક પાણી આ ગેટમાંથી નર્મદા નદીમાં છોડવામાં આવે છે ત્યારે પાણીના ધસમસતા પ્રવાહના કારણે ગેટની નીચેના ભાગમાં દબાણ વધતા પાણીનું ઝમણ થતું હોય છે. જેના કારણે દીવાલોને નુકસાન થયું હોય તો તેનું સ્પેશિય ટીમ દ્વારા પાણીની છેક અંદર જઈને સમારકામ કરવામાં આવી રહ્યું છે. આગામી ચોમાસું આવે એ પહેલા જરુરી પ્રિમોન્સુન કામગીરી ડેમની સાઈટ પર હાથ ધરવામાં આવી છે. આ માટે સ્પેશિયલ ટીમને કામ સોંપવામાં આવ્યું છે, આ સ્પેશિયલ ટીમ ૩૦થી ૪૦ મીટર પાણીમાં નીચે ઉતરે છે. વધુ સમય પાણીમાં રહેવાનું હોવાથી આ ટીમ પોતાની સાથે ઓક્સિજનના બાટલા પણ રાખે છે. પાણીની અંદર ઉતરેલી ટીમને જો ડેમની દીવાલ પર તિરાડો દેખાય કે કોઈ નુકસાન થયેલું હોય તો તેનું સમારકામ કરવામાં આવતું હોય છે. હાલ આ કામગીરી નર્મદા ડેમના પાણીમાં ચાલી રહી છે. નર્મદા ડેમ રાજ્યની જીવાદોરી હોવાથી નર્મદા નિગમ દ્વારા ડેમની સુરક્ષા માટે ખૂબ કાળજી રખામાં આવે છે. કાળજીના ભાગ રૂપે આ મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવી રહી છે.



પ્રતિકાત્મક તસવીર



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે વિશ્વ ઉમિયાધામ દ્વારા આયોજિત 'શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞમાં' સહભાગી થયા હતાં. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પૂજ્ય શ્રી જીગ્નેશ દાદાના આશીર્વચન લીધા હતા. અમદાવાદના સાયન્સ સિટી રોડ પર આવેલા નિરમા પ્લોટમાં ૨૭ ફેબ્રુઆરી સુધી જાહેર જનતા માટે ' શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞમાં' નું આયોજન કરવામાં આવ્યું છે.

# ટ્રાફિક પોલીસની સતર્કતાથી આંગડિયામાં લૂંટનો પ્લાન નિષ્ફળ

અમદાવાદ, તા.૨૬

ટ્રાફિક પોલીસની સતર્કતા થી લૂંટ જેવા ગંભીર ગુનો અટકી ગયો છે. ઉત્તર પ્રદેશથી આવેલા આરોપીઓ લૂંટ કરે તે પહેલા જ ત્રણ હથિયાર અને ૧૩ જીવતા કારતુસ સાથે ઝડપાઈ ગયા. જે અંગે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોધી એક આરોપીની ધરપકડ કરીતો અન્ય ફરાર ત્રણની શોધખોળ હાથ ધરવામાં આવી. સાથે જ લૂંટનું કાવતરું છેલ્લા ૧૫ દિવસથી ઘડાયુ અને રેકી પણ કરવામા આવી હોવાનો ખુલાસો થયો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં રહેલા આરોપીનું નામ મોહમ્મદ ઈમરાન શેખ છે. જે અમદાવાદના રખિયાલ વિસ્તારનો રહેવાસી છે.જે મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢનો હોવાનું સામે આવ્યું છે. ગઈકાલે મોડી સાંજે ટ્રાફિક પોલીસ કર્મચારીઓ દ્વારા શંકાસ્પદ ગાડીની તપાસ કરતા, ઈમરાન ઝડપાઈ ગયો, જેની પાસેથી એક પિસ્તોલ બે દેશી બનાવટના તમંચા અને તેર જીવતા કારતૂસ મળી આવ્યા છે. જોકે ગાડીમાં તેની સાથે રહેલા નદીમ ખાન શેખ અને સોહેલ શેખ પોલીસને જોઈ નાસી છૂટ્યા હતા. આરોપી પાસેથી મળેલા હથિયારો અંગે તપાસ કરતા હકીકત સામે આવી કે આરોપીઓ ધાંગધ્રા અને અમદાવાદમાં આંગડિયા પેઢી પર લૂંટનું કાવતરું રચી રહ્યા હતા. સાથે જ ૧૫ દિવસમાં ત્રણ જગ્યાની રેકી પણ કરી હોવાની હકીકત સામે આવી છે. ઝડપાયેલ આરોપી ઈમરાન ની પૂછપરછ કરતા હકીકત સામે આવી કે અમદાવાદના સરખેજમાં રહેતો સમીર પઠાણ ઉર્ફે સમીર ધાંગધ્રા તથા તેનો ભાઈ અકીલ ખાન ઉર્ફે સોનુ પઠાણ અને ઈમરાન ની સાથે આવેલા સોહેલ શેખ અને નદીમ ખાન શેખ સાથે મળી આંગડિયા પેઢી તથા પિત્તળની ટ્રક લૂંટ કરવાનું કાવતરું રચ્યું હતું. જે માટે ઉત્તર પ્રદેશથી બે આરોપી બોલાવી હથિયારો એકઠા કર્યા હતા. જેના આધારે મોટી લૂંટને તેઓ અંજામ આપી ફરાર થઈ જવાના હતા. સાથે જ આરોપી ઈમરાનની પૂછપરછ કરતા એ હકીકત સામે આવી કે, વર્ષ ૨૦૧૭- ૧૮ માં ઈમરાન અને સમીર સેન્ટ્રલ જેલમાં હતા.

# રાજ્યમાં ગરમી જોર પકડી રહી છે

**અમદાવાદ, અમરેલી, ભૂજ, વલસાડ સૌથી ગરમ શહેર : ગુજરાતમાં શિયાળાના અંત સાથે વાયરલ ઈન્ફેક્શન, ઝાડા-ઉલટીના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે**

અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં હવામાનમાં આગામી દિવસોમાં ૨-૩ ડિગ્રી લઘુત્તમ અને મહત્તમ તાપમાન વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, શનિવારે રાજ્યમાં ૩૭ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે સૌથી ગરમ રહ્યું હતું જ્યાં એક ડિગ્રીનો ઘટાડો થયો છે. આ તરફ અમદાવાદમાં શનિવારની સરખામણીમાં એક ડિગ્રી પારો ચઢ્યો છે. ગરમીનું જોર વધવાની સાથે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓની સંખ્યામાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

આજે રાજ્યમાં અમદાવાદ સહિત ભૂજ, અમરેલી, વલસાડમાં પણ મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું છે. જ્યારે ગાંધીનગર, રાજકોટ, મહુવા, કેશોદ, ડીસા અને કંડલા (એરપોર્ટ)નું મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું છે. આ તરફ સુરત અને વલ્લભ વિદ્યાનગરમાં લઘુત્તમ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયું છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાનનો પારો મોટાભાગના શહેરોમાં ૩૫ને પાર થઈ ગયો છે. આ સાથે ગરમીનો અહેસાસ લોકોને થવા લાગ્યો છે.

મહત્તમ તાપમાનમાં ધીમે-ધીમે વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, આ સાથે લઘુત્તમ તાપમાનનો પારો ઊંચો આવી રહ્યો છે.

રાજ્યમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહેતું હતું તે હવે ૨૦ની નજીક પહોંચી રહ્યું છે. રાજ્યમાં ૧૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે ગાંધીનગર સૌથી ઠંડું શહેર બન્યું છે. આ સિવાય અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૪, નલિયાનું પણ ૧૪ અને ડિસાનું ૧૬ ડિગ્રી નોંધાયું છે.

સૌરાષ્ટ્રના શહેરોમાં પણ હરિયાળી છતાં ગરમીનો પારો મોટાભાગના શહેરોમાં ૩૦ને પાર કરી ગયો છે. જેમાં અમરેલીમાં સૌથી વધુ ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. જ્યારે અહીં સૌથી ઓછું મહત્તમ તાપમાન ઓખામાં સૌથી નીચું ૨૭ ડિગ્રી નોંધાયું છે. અહીં મહત્તમની સાથે લઘુત્તમ તાપમાન પણ ઊંચું આવી રહ્યું છે.

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં હવામાન સૂકું રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે કમોસમી વરસાદની કોઈ સંભાવના વ્યક્ત કરવામાં આવી નથી. ગરમીનું પ્રમાણ વધવાની સાથે હવામાંથી ભેજનું પ્રમાણ પણ ઘટવા લાગ્યું છે. ગરમીનું પ્રમાણ વધવાની સાથે સામાન્ય બીમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે.

શયાળાનો અંત અને ઉનાળાની શરુઆત સાથે બીમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં આવતા દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. બાળકોમાં ઝાડા-ઉલ્ટીના ૧૧૬ કેસ નોંધાયા છે, જ્યારે ડેંગ્યુના ૧૨, કમળાના ૧૩૦, ન્યુમોનિયાના ૬૨ કેસ નોંધાયા હતા. આ સિવાય ચિકનગુનિયા ૪, ઝાડા-ઉલ્ટીના ૧૨૬ કેસ નોંધાયા છે.

# ઈડરમાં શરૂ થતા શિક્ષણના પ્રયોગશીલ શિક્ષકોના મેળામાં જિલ્લાના પાંચ શિક્ષકો તેમના પ્રયોગ રજુ કરશે

**રાજ્યભરમાંથી ૧૫૦ જેટલા પ્રયોગોની રજુઆત કરાશે**

ગાંધીનગર, તા. ૨૬

મંગળવારથી ઈડર ખાતે શરૂ થઈ રહેલા ઈનોવેશનલ ફેરમાં જિલ્લાની પાંચ કૃતિઓ રજુ થશે.

શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઈડર ખાતેના શિક્ષણમાં નવતર પ્રયોગોમાં રાજ્યભરમાંથી ૧૫૦ જેટલા પ્રયોગોની રજુઆત કરાશે. જેમાં ગાંધીનગર જિલ્લાની પાંચ કૃતિઓનો સમાવેશ થાય છે.

જિલ્લાની જે પાંચ કૃતિઓ રજુ થવાની છે તેમાં પ્રા. શાળાના શિક્ષકો દ્વારા ત્રણ નવતર પ્રયોગો અને મા. શાળાના બે શિક્ષકોના પ્રયોગો રજુ થવાના છે.

આ ઈનોવેશનલ ફેરમાં દહેગામ સાણોદા પ્રા. શાળાના પ્રશાંત શર્મા દ્વારા "મારા બાળ વૈજ્ઞાનિકો", ગાંધીનગરના શાહપુરની પ્રા. શાળાના અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા "મારો દેશ મારી સંસ્કૃતિ", કલોલની ડિંગુચા પ્રા. શાળાના જિજ્ઞાસાબેન પ્રજાપતિ દ્વારા "લર્નીંગ ઈગ્લીંશ વીથ ઈઝી મોડ", શેરથા હાઈસ્કૂલના ભટ્ટ ડિમ્પલબેન એચ. દ્વારા "યુટ્યુબ ચેનલ ડિમ્પલ ભટ્ટ" અને પારસા હાઈસ્કૂલના રાકેશ પટેલ દ્વારા "કોમર્સનાં અઘરા લાગતા વિષયો ચાલો સરળ રીતે ભણીએ" પ્રયોગ રજુ કરાશે.

જિલ્લાકક્ષાના ઈનોવેશનલ ફેરમાં ૪૨ શિક્ષકોએ જુદા જુદા નવીન પ્રયોગો રજુ કર્યા હતા જેમાંથી આ પાંચ પ્રયોગ હવે રાજ્યકક્ષાએ રજુ કરવામાં આવશે. આ શિક્ષકોએ તેમના પ્રયોગો સફળ રહ્યાનો દાવો કર્યો હતો.

ડિસ્ટ્રીક્ટ ઈનોવેશનલ સેલ દ્વારા આ પાંચેય પ્રયોગોની પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. કોરોના પછી યોજાયેલ ઈનોવેશનલ ફેરમાં અનેક રસપ્રદ પ્રયોગો શિક્ષકોએ રજુ કર્યા હતા. ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે આ પ્રયોગો રજુ કરાતા હોય છે.

# ઓનલાઈન ડેટિંગ એપનો ઉપયોગ કરીને છેતરપિંડી

અમદાવાદ, તા.૨૬

ઈન્ટરનેટના આ જમાનામાં અનેક લોકો છેતરપિંડીનો ભોગ બનતા હોય છે. હવે ઓનલાઈન ડેટિંગ એપનો ઉપયોગ કરીને પણ લોકો સાથે છેતરપિંડી થઈ રહી છે. ત્યારે આવો જ એક વધુ કિસ્સો અમદાવાદમાંથી સામે આવ્યો છે. શહેર પોલીસને ડેટિંગ એપ્સનો ઉપયોગ કરીને છેતરપિંડી તથા ચોરીના વધુ કેસ મળી રહ્યાં છે. સોલામાં ત્રણ લોકોની ધરપકડ કર્યા પછી શહેર પોલીસે શનિવારે વધુ ચાર લોકોની ધરપકડ કરી હતી. જેઓ ડેટિંગ એપનો ઉપયોગ કરીને છેતરપિંડી અને ચોરીમાં સંડોવાયેલા હતા. આ ચારેય આરોપીઓની રામોલ પોલીસે ધરપકડ કરી છે.

એક પોલીસ ટીમને ચાર શખસો વિરુદ્ધ માહિતી મળી હતી, જેઓ કથિત રીતે ડેટિંગ એપ્સનો ઉપયોગ કરીને ગુનામાં સામેલ હતા.

પોલીસને માહિતી મળતા ટીમે દરોડા પાડ્યા હતા. પોલીસે વસ્ત્રાલમાં રહેતા ૩૧ વર્ષીય રાહુલ નાયર, ૩૦ વર્ષીય અભિષેક ગોસ્વામી, ૨૬ વર્ષીય તક્ષક ગોસ્વામી અને ૨૭ વર્ષીય વિશાલ તોમની ધરપકડ કરી હતી. રામોલ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે, આરોપીઓને બે બાઈક વિશે પૂછવામાં આવ્યું હતું, પણ તેઓ દ્વારા સંતોષકારક જવાબ મળ્યો નહોતો. ચારેયની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આરોપીઓ પાસેથી પોલીસે મોબાઈલ ફોન અને રોકડ રકમ પણ કબજે કરી હતી. કબજે કરવામાં આવેલા આરોપીઓના ફોનમાં ડેટિંગ એપ ઈન્સ્ટોલ કરેલી હતી.

# રાજ્ય સરકારે ૧૧ ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર કરી

ગાંધીનગર, તા.૨૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરી વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ વિસ્તારને ઈઝ ઓફ લિવિંગ વૃદ્ધિથી માનવ વિકાસ સૂચકાંક સુધારવાની દિશામાં વધુ એક કદમ ભર્યું છે. રાજ્યના આયોજનબદ્ધ શહેરી વિકાસ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર અમદાવાદ શહેરની ૯ તથા ભાવનગર અને સુરત મહાનગરની એક એક એમ કુલ ૧૧ ટાઉન પ્લાનિંગ સ્કીમને મંજૂરી આપી છે. તદઅનુસાર ઔડાની ડ્રાફ્ટ ટીપી ૧૩૮/એ રૂપાવટી તથા ૧૩૮/બી રૂપાવટી-વાસોદરાને તેમણે મંજૂરી આપી છે.મુખ્યમંત્રીએ આ ઉપરાંત અમદાવાદની સાત પ્રિલિમિનરી ટાઉન પ્લાનિંગ સ્કીમને પણ મંજૂરી આપી છે. આ સાત પ્રિલિમિનરી ટી.પી.માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કીમ ૯૨/બી સરખેજ -ઓકફ, ૧૦૫ વસ્ત્રાલ, ૭૩ વિંઝોલ, ૧૧૪ વસ્ત્રાલ-રામોલ, ૯૩/સી ગ્યાસપુર-વેજલપુર, ૬૫ સૈજપુર-બોઘા તેમજ ૬૬ સૈજપુર-બોઘા ઈસ્ટનો સમાવેશ થાય છે.મુખ્યમંત્રીએ આપેલી આ ટાઉન પ્લાનિંગ સ્કીમની મંજૂરીના પરિણામે અમદાવાદમાં ૨૬.૬૦ ફેક્ટર્સ જમીન આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ઈઉજી આવાસ નિર્માણ માટે મળશે. આવા કુલ ૨૩,૭૩૩ આવાસોનું નિર્માણ કરાશે. અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળની બે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ, ૧૩૮/ એ રૂપાવટી તેમજ ૧૩૮/ બી રૂપાવટી-વસોદરામાં કુલ ૧૦.૩૬ હેક્ટર જમીન ૯૩૦૦ આવાસો બનાવવા માટે ઉપલબ્ધ થશે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જે પ્રિલિમિનરી ટીપી મુખ્યમંત્રીએ મંજૂર કરી છે તેના પરિણામે સ્કીમ ૯૨/બી સરખેજ -ઓકફમાં ૧.૩૭ હેક્ટર્સ ૧૨૦૦ ઈઉજી આવાસ માટે, સ્કીમ ૧૦૫-વસ્ત્રાલમાં ૩.૩૩ હેક્ટર્સ ૨૯૯૦ ઈઉજી આવાસ માટે, સ્કીમ ૭૩- વિંઝોલમાં ૩.૨૬ હેક્ટર્સ ૨૯૦૦ ઈઉજી આવાસ માટે, સ્કીમ ૧૧૪ વસ્ત્રાલ-રામોલમાં ૬.૭૧ હેક્ટર્સ ૬૦૦૦ ઈઉજી આવાસ માટે, સ્કીમ ૬૫ સૈજપુર-બોઘામાં ૦.૨૭ હેક્ટર્સ ૨૪૩ ઈઉજી આવાસ માટે અને સ્કીમ ૬૬ સૈજપુર-બોઘા ઈસ્ટમાં ૧.૩ હેક્ટર્સ ૧૧૦૦ ઈઉજી આવાસ માટે સંપ્રાપ્ત થશે.

## જોર વધ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધ્યો છે. ડબલ સિઝનની વિપરિત અસરથી વાઈરલ બિમારીનુ જોર વધ્યુ છે. જયારે પાનખરની સિઝનમાં ઉડતી પરાગ રજના લીધે એલર્જીના દર્દીઓ પણ પરેશાન છે. સતત ઉડતી પરાગરજથી શરદી ઉધરસની તકલીફોથી એલર્જીના દર્દીઓની હાલત ખરાબ છે. આજે પણ ઠંડીનો પારો એક ડીગ્રી ઘટયો હતો લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રીએ આવી ગયુ હતુ. જયારે મહત્તમ તાપમાન પણ ૩૪ ડીગ્રી રહ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ૨૨ ડીગ્રીનો નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. જો કે હવે માર્ચ મહીનાના પ્રારંભે ધીંમે ધીમે ગરમીનુ જોર વધશે અલબત્ત માર્ચમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી ઉપર જતો રહેશે તેમ પણ હવામાન તજજ્ઞોએ જણાંવ્યુ છે.

## ફરી ભૂકંપ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૦ હજારથી વધુ લોકોના જીવ લીધા છે, જ્યારે ઘણા મૃતદેહો હજુ પણ શહેરોના કાટમાળ નીચે ફસાયેલા છે. બીજી બાજુ તુર્કી-સીરિયામાં આવેલા ભૂકંપમાં મૃતકોનો આંકડો ૫૦,૦૦૦ને પાર થઈ ગયો છે. આ ઉપરાંત ૧.૬૦ લાખ કરતા વધારે ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ છે. અગાઉ તુર્કીમાં ૨૦ ફેબ્રુઆરીના રોજ પણ ૬.૪ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તૂર્કીના હતાય પ્રાંતમાં ભૂકંપની ઝાટકા અનુભવાયા હતા.

ભૂકંપને લીધે મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. નવી આંકડાકીય માહિતી પ્રમાણે તુર્કી અને સીરિયામાં આવેલા મહાવિનાશકારી ભૂકંપમાં મૃત્યુ પામેલાઓની કુલ સંખ્યા ૫૦ હજારને પાર થઈ ગઈ છે. અહીં ૫,૨૦,૦૦૦ એપાર્ટમેન્ટ સહિત ૧,૬૦,૦૦૦ ઈમારતો ભૂકંપને લીધે ધ્વસ્ત થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે તુર્કીમાં ભૂકંપના ૬ ફેબ્રુઆરીના રોજ ભૂકંપ આવ્યો હતો, પ્રથમ ઝાટકો સ્થાનિક સમય પ્રમાણે સવારે ૪.૧૭ વાગે આવ્યો હતો, રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૭.૮ મેગ્નીટ્યુડ હતી. ભૂકંપનું કેન્દ્ર તુર્કીના ગાજિયાંટેપમાં હતું. સ્થાનિક લોકો કંઈ સમજી શકે તે પહેલા બીજો જોરદાર ભૂકંપનો ઝાટકો આવ્યો હતો. તેની તીર્વ્રા રિક્ટર સ્કેલ પર ૬.૪ મેગ્નીટ્યુડ માપવામાં આવી હતી.

## ૨ના મોત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યવસ્થાની વાત કરી એક દિવસ પહેલા મૂસેવાલા સહિત ૪૨૪ વીઆઈપીની સુરક્ષા પાછી ખેંચી લીધી હતી.

મૂસેવાલાએ પંજાબ વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની ટિકિટ પર આમ આદમી પાર્ટીના વિજય સિંગલા સામે ચૂંટણી પણ લડી હતી. વિજય સિંગલાએ મૂસેવાલાને મનસા સીટ પરથી ૬૩,૩૨૩ વોટથી હરાવ્યા હતા. મૂસેવાલાની વિવાદાસ્પદ પંજાબી ગાયકોમાં ગણતરી થાય છે, જે ખુલ્લેઆમ ગન કલ્ચરને પ્રોત્સાહન આપતા હતા. તેઓ ઉશ્કેરણીજનક ગીતોમાં ગેંગસ્ટરોના વખાણ કરતા હતા. ૨૦૨૦માં બરનાલા ગામમાં ફાયરિંગ કરતો એક વિડીયો ક્લિપ વાયરલ થયા બાદ સિદ્ધુ મૂસેવાલા સામે આર્મ્સ એક્ટ અંતર્ગત કેસ નોંધાયો હતો. જોકે, બાદમાં કોર્ટે તેમને જામીન આપી દેવાયા હતા.